# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:*suratdeo@gmail.com*

ક્રમાંકઃS.S/RMSA/સાયન્સ સેન્ટર/ ૨૦૨૫/11670-72 તા:-૨૫/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત-જિલ્લો/સુરત કોર્પોરેશન.

વિષય:- જિલ્લા કક્ષાએ "સાયન્સ સેન્ટર" શરૂ કરવા બાબત.
સંદર્ભ:- સચિવશ્રી,એસ.પી.ઓ,સમગ્રશિક્ષા,ગાંધીનગરનાપત્રક્રમાંક:-સમગ્ર શિક્ષા/કયુઈસેલ/૧/૨૦૨૫/૮૩૨૪૫-૮૩૨૮૩ તા.૧૯/૦૯/૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ગણિત અને વિજ્ઞાન વિષયમાં રસ અને રુચિ વધે તેમજ સેન્ટરમાં આવી ગણિત-વિજ્ઞાનની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રાયોગિક કાર્ય કરી શકે તે માટે આગામી સમયમાં જિલ્લા કક્ષાએ સાયન્સ સેન્ટર નિર્માણ કરવાનું આયોજન છે.

ઉક્ત બાબતે અત્રેના જિલ્લામાં સાયન્સ સેન્ટર શરુ કરવા માટે કઈ શાળામાં વધારાના ૩ થી ૪ ઓરડાની ઉપલબ્ધતા છે. શાળા પસંદગી અંગે વધારાના ૩ થી ૪ ઓરડા ઉપરાંત જિલ્લાની શાળાઓમાંથી બાળકો,શિક્ષકો સમયાંતરે મુલાકાત માટે આવે ત્યારે આવવા-જવાની અનુકુળતા રહે તેવી પ્રાથમિક બાબતો -ધ્યાને લઇ શાળા પસંદગીની વિગત નીચે જણાવ્યા મુજબના પત્રકમાં શ્રુતિ ફોન્ટમાં દિન-૫ (પાંચ) માં મોકલી આપવી.

| ક્રમ | જિલ્લો | તાલુકો | કલસ્ટર | શાળા | શાળામાં કુલ ઓરડાની સંખ્યા | શાળામાં વધારાના ઓરડાની સંખ્યા | જિલ્લા કક્ષાએથી શાળાનું અંતર (KM) | શાળાના આચાર્યનું નામ તથા મો.નંબર | શાળામાં ગણિત વિજ્ઞાનના શિક્ષકની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | | | | | | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

<u>સવિનય નકલ રવાના જાણ સારૂ:-</u>

(૧) પ્રતિ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સમગ્ર શિક્ષાની કચેરી, સેક્ટર-૧૯, ગાંધીનગર

<u>નકલ રવાના જાણ અને કાર્યવાહી સારૂં :-</u>

(૨) પ્રતિશ્રી BRC / URC / BRP/ CRC તમામ, સુરત જિલ્લો/ સુરત કોર્પોરેશન.

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭,
ગાંધીનગર.
E-mail: qecell.gcse@gujarat.gov.in


NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

તા: ૧૯ /09/2025.

પત્ર ક્રમાંક: સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/1/2025/ ૪૩૮૫૬-૪૩૮૪૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા: તમામ.

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા: તમામ.
શાસનાધિકારીશ્રી: અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

વિષય: જિલ્લા કક્ષાએ 'સાયન્સ સેન્ટર' શરૂ કરવા બાબત.
સંદર્ભ: માન.એસ.પી.ડી.શ્રી દ્વારા તા.18/09/2025ના રોજ મળેલ સૂચના અનુસાર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને ગણિત અને વિજ્ઞાન વિષયમાં રસ અને રૂચી વધે તેમજ સેન્ટરમાં આવી ગણિત-વિજ્ઞાનની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રાયોગિક કાર્ય કરી શકે તે માટે આગામી સમયમાં જિલ્લા કક્ષાએ **'સાયન્સ સેન્ટર'** નિર્માણ કરવાનું આયોજન છે.

ઉક્ત બાબતે આપના જિલ્લામાં **'સાયન્સ સેન્ટર'** શરૂ કરવા માટે કઈ શાળામાં વધારાના 3 થી 4 ઓરડાની ઉપલબ્ધતા છે તેની વિગત અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. શાળા પસંદગી અંગે વધારાના 3 થી 4 ઓરડા ઉપરાંત જિલ્લાની શાળાઓમાંથી બાળકો, શિક્ષકો સમયાંતરે મુલાકાત માટે આવે ત્યારે આવવા-જવાની અનુકૂળતા રહે તેવી પ્રાથમિક બાબતો ધ્યાને લઈ શાળા પસંદગીની વિગત નીચે જણાવ્યા મુજબના પત્રકમાં શ્રુતિ ફોન્ટમાં દિન 7(સાત)માં મોકલી આપવા વિનંતી છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો | ક્લસ્ટર | શાળા | શાળામાં કુલ ઓરડાની સંખ્યા | શાળામાં વધારાના ઓરડાની સંખ્યા | જિલ્લા કક્ષાએથી શાળાનું અંતર (KM) | શાળાના આચાર્યનું નામ તથા ફોન નંબર | શાળામાં ગણિત વિજ્ઞાનના શિક્ષકની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | | | | |

12169
12/9/25
19/9

19/9

19/9

નોંધ: શાળા પસંદગી કરતાં સમયે સરકારી પ્રાથમિક/માધ્યમિક/મોડેલ સ્કૂલ/મોડેલ ડે સ્કૂલ પૈકીની અથવા આપના અનુભવના આધારે સ્થાનિક પરિસ્થિતિને જાણી સમજી યોગ્ય શાળા પસંદ કરવા વિનંતી છે.

આભાર સહ.....

(શિલ્પા પટેલ)
સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઑફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

નકલ સવિનય રવાના :

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એડી.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી